# મોટાપાયે કરચોરી થતી હોવાની ફરિયાદના પગલે લોન્ડ્રી સર્વિસના ધંધાર્થીઓ પર સ્ટેટ જીએસટીના દરોડા

## રાજકોટ, અમદાવાદ, સુરત, ભાવનગર અને કચ્છ સહિતના શહેરોમાં ૩૫થી૪૦ લોન્ડ્રી સર્વિસના ધંધાર્થીઓને ત્યાં તપાસનો ધમધમાટ



રાજકોટ:નવુ નાણાકીય વર્ષ નજીક આવી રહ્યું છે ત્યારે સ્ટેટ જીએસટી વિભાગ ફરી સક્રીય બન્યુ છે અને વેરાનો લક્ષ્યાંક પુર્ણ કરવા માટે દરોડાનો દૌર શરુ કરવામાં આવ્યો છે. હાલમાં જ રાજકોટ જીએસટી વિભાગની એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા રાજકોટ શહેરમાં મિકેનીકલ વાલ્વના મોટા ઉત્પાદકને ત્યાં દરોડા પાડી કરચોરી અંગે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન જીએસટી વિભાગે રૂા. અડધો કરોડની કરચોરી પણ ઝડપી લીધી હતી.

દરમ્યાન આજરોજ સવારથી સ્ટેટ જીએસટી વિભાગની વડી કચેરી અમદાવાદથી રાજયવ્યાપી દરોડાનો દૌર શરુ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. મળતી વિગતો મુજબ આજે સવારથી રાજયભરમાં જીએસટી વિભાગના અધિકારીઓની ૪૦ જેટલી ટીમો રાજયના જુદા જુદા શહેરોમા ત્રાટકી છે અને લોન્ડ્રી સર્વિસના ધંધાર્થીઓને ઝપટે લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે.વધુમાં સ્ટેટ જીએસટી વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ સ્ટેટ જીએસટી વિભાગની એન્ફોર્સમેન્ટ વિંગને લાંબા સમયથી એવી ફરિયાદો મળી હતી કે ચોપડે અસલ વેપાર નહી દર્શાવી અને બેનામી વ્યવહારો કરી તેમજ કાચી ચીઠ્ઠી પર વ્યવહારો કરી લોન્ડ્રી સર્વિસના ધંધાર્થીઓ દ્વારા મોટાપાયે કરચોરી કરાઈ રહી છે. આથી આ બાબતને ધ્યાને રાખી અમદાવાદથી આજે સવારથી રાજયભરના જીએસટી અધિકારીઓની ટીમો જુદા જુદા શહેરોમાં ૩૫થી૪૦ સ્થળોએ ત્રાટકી છે.મળતી વિગતો મુજબ રાજકોટમાં ૧૦ સ્થળો ઉપરાંત અમદાવાદ, સુરત, ભાવનગર, કચ્છ સહિતના સ્થળોએ જીએસટી વિભાગની ટીમો લોન્ડ્રી સર્વિસના ધંધાર્થીઓને ત્યાં તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે લોન્ડ્રી સર્વિસ પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે.જો કે આ ધંધાર્થીઓ દ્વારા મોટાપાયે કરચોરી લાંબા સમયથી કરાતી હોય તંત્રએ આજે સવારથી દરોડાનો દૌર શરુ કર્યો છે. આ તપાસો હજુ બે થી ત્રણ દિવસ સુધી ચાલુ રહે તેવી શકયતા છે અને તપાસના અંતે લાખો રૂપિયાની કરચોરી હાથ લાગે તેવી પણ સંભાવના છે.

# ભત્રીજો યુવતીને ભગાડી ગયો, ટાંગા કાકાના ભાંગી નાખ્યા!

## રાત્રે દીકરીના પરિવારના ૧૩ લોકોએ ઘરે આવી હુમલો કર્યો હતો



રાજકોટ, લવ મેરેજમાં ડખ્ખો થઈ જતા મારાં મારી થઈ ગઈ હતી. ભત્રીજો યુવતી ભગાડી ગયો પણ દીકરીના સગાએ ટાંગા કાકાના ભાંગી નાખ્યા છે. ગંજીવાડાના અરવિંદભાઈ ગોંડલીયા હોસ્પિટલ બિછાને છે, ગઈકાલે રાત્રે દીકરીના પરિવારના ૧૩ લોકોએ ઘરે આવી હુમલો કર્યો હતો.

જે અંગે થોરાળા પોલીસે ગુનો દાખલ કર્યો છે. ફરિયાદમાં અરવિંદભાઈ સામદાસભાઈ ગોંડલીયા (ઉંમર વર્ષ ૪૯, રહે. ગંજીવાડા શેરી નંબર ૪૩, બંધ શેરી રામદેવપીરના મંદિરની બાજુમાં રાજકોટ)એ આરોપી તરીકે ગંજીવાડાના ચેતન રાજુભાઈ મકવાણા, તેનો ભાઈ રાહુલ, ભગીરથ ઉર્ફે ભગો જગદિશ મકવાણા, આકાશ જીતુ મકવાણા, જગદિશ સવજી મકવાણા, સોનલબેન જીતુ મકવાણા, પ્રિયાબેન જગદિશ મકવાણાના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું કે, હું ડ્રાઈવિંગ કામ કરું છું. અમે ત્રણ ભાઈઓ તથા એક બહેન છીએ. નાનાભાઈ લાલદાસ રેલનગર ખાતે રહે છે.

મારા પત્નીનું નામ શોભનાબેન અને મારે બે દીકરા છે. મારા નાનાભાઈના પત્ની હંસાબેનના આંગળીયાત પુત્ર રોહિતભાઈ સરકદળીયાને મારાં ઘર સામે જ રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાતા બંને પાંચેક દિવસ પહેલા ભાગી ગયા હતા અને લવ મેરેજ કરી લીધા છે. જે અંગે ગઈકાલે રાત્રે ૧૧.૩૦ વાગ્યાં આસપાસ આરોપીઓ મારાં ઘર પાસે અપશબ્દો કહી જોર જોરથી બોલતા હોય મેં બહાર આવી અપશબ્દો ન બોલવાનું કહેતા મને ધોકા અને પાઈપ વડે માર માર્યો હતો.

મને છોડાવવા વચ્ચે પડેલ મારી પત્ની શોભના(ઉંમર વર્ષ ૩૮) અને પુત્ર પ્રિન્સ (ઉંમર વર્ષ ૨૦)ને પણ માર માર્યો હતો. ૧૧૨ માં ફોન કરતા પોલીસની ગાડી આવી જતા આ લોકો ત્યાંથી ભાગી ગયેલ હતા. મને શરીરે તથા બંને પગમાં ઈજા થયેલ હોય જતી ૧૦૮માં સિવિલ હોસ્પિટલ ખસેડેલ હતા. બંને પગમાં ફ્રેક્ચર હોવાનું નિદાન થતા સારવાર માટે દાખલ કરાયા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીગ્રામ પોલીસે તા. ૨૬ના રોજ ફરિયાદ નોંધી હતી જેમાં એક યુવક યુવતીને ભગાડી જવાની માથાકૂટમાં વિરા અરજણ પરમાર નામના પ્રૌઢને ધોકા મારી માર મારવામાં આવતા તેને સિવિલમાં ખસેડવામાં આવેલ. એરપોર્ટ પોલીસે નોંધેલ ફરિયાદમાં બેટી રામપર ગામે દીકરી સમાજના યુવક સાથે ભાગી જતા પિતા પુત્ર વચ્ચે ડખ્ખો થયો હતો જેમાં પિતા તળશી વાઘા ભાટીના હાથ પગ પુત્ર કાનાએ ભાંગી નાખ્યા હતા. અને ગઈકાલે ત્રીજો બનાવ ગંજીવાડામાં બન્યો છે.

# રાજકોટ મહાનગરપાલિકાની સરકારી પ્રાથમિક શાળાઓમા સલામતી સપ્તાહની ઉજવણીનુ આયોજન

## દરરોજ પાંચ શાળાઓમા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અલગ-અલગ આપત્તિ સમયે શુ કરવુ અને શુ ના કરવુ જેવી બાબતો અંગે તાલિમ આપવામા આવશે



રાજકોટ: ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે શાળા સલામતી સપ્તાહની ઉજવણી શરુ કરવામા આવી છે. જેમા કુદરતી તથા માનવ સર્જિત આપત્તિઓ, જોખમો અને બચાવ પ્રયુક્તી અંન્વયે વિદ્યાર્થીઓમા યોગ્ય સમજ કેળવાય તે અંગે જરુરી માર્ગદર્શન આપવામા આવે છે. આ કાર્યક્રમમા ફાયર વિભાગમાથી શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ફાયરની તાલીમ તથા ડેમોસ્ટ્રેશન આપવામા આવે છે તથા ઇંન્ડિયન રેડ ક્રોસ સોસાયટીમાથી પ્રાથમિક સારવાર, સી.પી.આર. વિશે માહિતી અને તાલીમ આપવામા આવે છે. આગાખાન એજન્સી ફોર હેબિટ્સ ઇંન્ડિયા દ્વારા ધરતીકંપ, વાવાઝોડુ, પુર, ત્સુનામી જેવી આપત્તિઓ સમયે કઇ-કઇ બાબતોની કાળજી રાખવી તે બાબતે તાલિમ તથા પ્રેક્ટિકલ ડેમો આપવામા આવે છે. આ કાર્યક્રમનો તા.૨૭-૧-૨૦૨૬ના રોજથી રાજકોટ મહાપાલિકા હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમા શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામા આવેલ છે.

આ ઉજવણી તા.૩૧-૧-૨૫ સુધી ચાલુ રહેશે જેમા દરરોજ પાંચ શાળાઓમા શાળાના બાળકો અને શિક્ષકોને અલગ-અલગ ફાયર, પ્રાથમિક સારવાર અને ડિઝાસ્ટર વિશે તાલીમ આપવામા આવશે. તદુઉપરાંત શાળા સલામતી સપ્તાહ ઉજવણી કાર્યક્રમમા વિવિધ તાલિમો પૈકી ફાયર એન્ડ ઇમર્જન્સી વિભાગ દ્વારા શાળામા લગાવવામા આવેલ ફાયર સીસ્ટ્મ અને ફાયર સેફ્ટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શુ કરવુ અને શુ ન કરવુ જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની સીસ્ટ્મ અને સાધનો તથા ફાયર એક્સ્ટીગ્યુશરનો ઉપયોગ કેવી રીતે કરવો, પોતાનો તથા અન્યનો બચાવ કઇ રીતે કરવો તેની માહિતી આપવામા આવે છે. રેડ ક્રોસ સોસાયટી દ્વારા પ્રાથમિક સારવાર અંગે માર્ગદર્શન તથા ડેમો દ્વારા સમજ આપવામા આવે છે

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં-૩માં નવનિર્મિત ''લાઈબ્રેરી''નું લોકાર્પણ



રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર-૩ના મનહરપુર-૧ વિસ્તારમાં નવનિર્મિત ''લાઈબ્રેરી''નું લોકાર્પણ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવભાઈ દવેનાં વરદ હસ્તે તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ સમય સવારે ૧૦.૦૦ કલાકે સ્થળ વોર્ડ નંબર-૩, મનહરપુર-૧ માધાપર ચોકડી થી આગળ જામનગર રોડ તરફ સવિસ રોડ પર જતા બીજ પૂર્ણ થાય ત્યાં આગળ ડાબી બાજુ, રાજકોટ જીલ્લા બેંક વાલી શેરી, આરોગ્ય કેન્દ્રની બાજુમાં કરવામાં આવેલ. લોકાર્પણ કરવામાં આવેલ લાઈબ્રેરી ખાતે આવનાર ધોરણ-૬ થી ધોરણ-૮ના ૧૧ બાળકોની લાઈફ ટાઈમ સદસ્યતા ફ્રી રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયરશ્રી નરેન્દ્રસિંહ જાડેજા દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજકોટ મહાનગરપાલિકાના માન. મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં નવા ભળેલા વિસ્તાર વોર્ડ નંબર ૩ મનહરપુર ૧ જામનગર રોડ વિસ્તારમાં નવી લાઈબ્રેરી બનાવવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવી લાઈબ્રેરીની વિશિષ્ટતા ૮૦ ચોરસ મીટર હયાત બિલ્ડીગમાં રીનોવેશન કરી કાર્યરત કરેલ છે, તેમાં અંદાજિત ૩૦.૦૦ લાખ જેવો ખર્ચ કરવામાં આવેલ છે, લાઈબ્રેરીની વિસ્તૃત માહિતી, ૧ લાઈબ્રેરિયન ઓફીસ, ૧ વિદ્યાર્થી ભાઈઓ માટે વાંચનાલય રૂમ, ૧ વિદ્યાર્થી બહેનો માટે વાંચનાલય રૂમ, પુસ્તકો આપલે માટે ઈશ્યુ કાઉન્ટર, પુસ્તકો માટે સુંદર ફનીચર, છાપા તથા મેગેજીન માટે જનરલ વાંચનાલય, પીવાના પાણી માટે વોટર કુલર અને એક્વાગાર્ડ, ભાઈઓ અને બહેનો માટે અલગ ટોયલેટ બાથરૂમ, જેવી આધુનિક સુવિધા લાઈબ્રેરી બિલ્ડીગમાં કાર્યરત કરેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવી લાઈબ્રેરી સંગ્રહમાં ૭૧૪૪ પુસ્તકોનું કલેક્શન, ૪૦ વિવિધ ભાષા અને વિષયોનાં મેગેજીન, ૧૦ ગુજરાતી અને અગ્રેજી -વર્તમાન પત્રો. લાઈબ્રેરી સુવિધાઓ - આકર્ષક એલીવેશન, નેચરલ લાઈટીગ. શીખવા માટે સારું વાતાવરણ, સેલ્ફ ડેવલોપમેન્ટ માટે જ્ઞાનનો ખજાનો, વિધાથી માટે શાંત અને સુવિધાજનક વાચનાલય - સ્પર્ધાત્મક પરિક્ષા માટે વ્યક્તિગત માહિતી અને માર્ગદર્શન. વિવિધ વિષયોથી સભર ગુજરાતી, હિન્દી,અગ્રેજી ભાષાનાં અલગ અલગ વિષયોના જેમ કે, નવલકથા, નવલિકા, ધર્મ, ફિલોસોફી, વિજ્ઞાન, ટેકનોલોજી, ભૂગોળ, ઈતિહાસ, જીવન ચરિત્ર, સ્ત્રી વિષયક, સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સાહિત્ય, બાળ સાહિત્ય, રાખવામાં આવેલ છે.

# એઈમ્સની હોસ્ટેલમાંથી તબીબી છાત્ર ભેદી રીતે ગાયબ : પોલીસ દોડતી થઈ

## મેડીકલ કોલેજની હોસ્ટેલમાંથી ગઈ રાતે MBBSનો અભ્યાસ કરતો છાત્ર અચાનક જ ફોન સ્વીચઓફ કરી નીકળી ગયો




રાજકોટ: એઈમ્સ હોસ્પિટલની મેડીકલ કોલેજની હોસ્ટેલમાંથી ગઈ રાતે તબીબી છાત્ર ભેદી રીતે ત્યાંથી નીકળી ગુમ થઈ જતાં ગાંધીગ્રામ પોલીસ દોડતી થઈ હતી અને સીસીટીવી ફુટેજના આધારે શોધખોળ આદરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, એઈમ્સ હોસ્પિટલમાં એમબીબીએસનો અભ્યાસ કરતો છાત્ર રતનકુમાર મેઘવાલ (ઉ.વ.૨૫) ત્યાં જ આવેલ મેડિકલ હોસ્ટેલમાં રહે છે. જે ગઈ રાતના ૧૦ વાગ્યાની આસપાસ હોસ્ટેલમાંથી બહાર નીકળતો જોવા મળ્યો હતો. જે બાદ એઈમ્સ પ્રશાસને તેની શોધખોળ મળતા તે મળી આવ્યો ન હતો.

જે અંગે એઈમ્સ સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં ટીમ દોડી આવી હતી અને સીસીટીવી ફુટેજના આધારે તેની શોધખોળ આદરી હતી. વધુમાં પોલીસના જણાવ્યા મુજબ, તબીબી છાત્ર છેલ્લા પરા પીપળીયા પાસે જોવા મળ્યો હતો. ઉપરાંત એઈમ્સ સ્ટાફની પૂછપરછ પણ હાથ ધરી છે. છાત્ર મૂળ રાજસ્થાનનો વતની છે અને છેલ્લા ચાર વર્ષથી અહીં અભ્યાસ કરે છે, આ વર્ષ તેનું અભ્યાસનું છેલ્લું વર્ષ છે.જે મામલે કોંગ્રેસ પણ મેદાને આવી છે અને કોંગી નેતા અશોકસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, એમ્સ હોસ્પિટલ અને મેડીકલ હોસ્ટેલના અધિકારી ડો.અભિષેક મિશ્રાની સિધી જ જવાબદારી બને છે, કારણ કે, નિયમ મુજબ હોસ્ટેલના ગેઈટ રાત્રે ૧૦ વાગે બંધ કરવાનો હોય છે અને રાત્રે તેમજ સવારે વિધાર્થીઓની હાજરી ચકાસવાની હોય છે, છતા કેમ ધ્યાને ન આવ્યુ, ટાઈટ સિક્યુરીટી વ્યવસ્થામા વ્યાપક છીંડા હોવાનું પણ જણાવ્યું હતું.તેમજ એમ્સ હોસ્પિટલના અધિકારીની ફરજ બેદરકારી અંગે એમ્સ હોસ્પિટલના ડેપ્યુટી ડાયરેક્ટર ડો અંકુરપ્રતાપસિંઘનુ ધ્યાન દોરી ગાયબ સ્ટુડન્ટને સહી સલામત શોધવા અને હોસ્ટેલના જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા રજૂઆત પણ કરી છે.

**RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY**

SHRI CHIMANBHAI PATEL VIKASH BHAVAN, POST BOX NO. 238, JAMNAGAR ROAD, RAJKOT

**:: પ્રજાસત્તાક દિનની હાર્દિક શુભેચ્છાઓ ::**

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) દ્વારા :-

- ✔ રિંગ રોડ (ફેઝ–૫) માલીયાસણથી બેડી ગામ સુધીના સુચિત ૭૫.૦૦ મી. રોડના અમલીકરણની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
- ✔ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૦ (વાજડીગઢ–વેજાગામ), ૮૧ (વેજાગામ) તથા ૮૨ (વેજાગામ) સરકારશ્રીમાં અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ મંજૂરી અર્થે સાદર કરેલ છે.
- ✔ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૩ (ખોખડદળ), ૫૪ (ખોખડદળ), ૫૫ (ખોખડદળ), ૫૬ (ખોખડદળ), ૫૭ (ખોખડદળ) એમ કુલ ૫ સૂચિત નગર રચના યોજનાનો ઈરાદો જાહેર કરેલ છે. જેની આનુસાંગિક કાર્યવાહી પ્રગતિમાં છે.
- ✔ સત્તામંડળની તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના–૨૦૪૭ GIS બેઝ તૈયાર કરવા અંતર્ગત અધિનિયમની જોગવાઇ અનુસાર કાર્યવાહી પ્રગતિમાં છે.
- ✔ થોરાળા વિસ્તારમાં આવેલ RMC બાઉન્ડ્રીથી રીંગ રોડ–૨, ફેઝ–૩ (ગોંડલ હાઇ–વેથી ભાવનગર હાઇ–વે)ને જોડતા ૪૫.૦મી ડી.પી. રસ્તાની કામગીરી રૂ.૧૪.૧૨ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ✔ કન્સ્ટ્રકશન ઓફ ૪ લેનીંગ ઓફ રીંગરોડ–૨ ફેઝ–૨ ફ્રોમ કણકોટ રોડ ટુ કોરાટ ચોક અલોંગ વીથ સ્ટ્રકચર વર્ક ઇન રૂડા એરિયાની કામગીરી રૂ.૬૫.૯૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ✔ તરઘડી ગામથી બાઘી ગામને જોડતો ગાડા માર્ગ રૂ.૬.૧૪ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ✔ ટી.પી. સ્કીમ નં.૪૩ (વાજડીવડ)ના રસ્તાઓ રૂ. ૧૧.૫૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ✔ TOWN PLANNING SCHEME NO.38/2માં ભુગર્ભ ગટર યોજનાની કામગીરી રૂ.૨૧.૦૩ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ✔ રૂડા વિસ્તારના કાંગશિયાળી ગામ અને OG એરિયામાં ભુગર્ભ ગટર યોજનાની કામગીરી રૂ. ૪૧.૧૪ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ✔ રીંગ રોડ–૨ના સેન્ટ્રલ ડિવાઇરમાં સ્ટ્રીટ લાઇટ નાખવાની કામગીરી રૂ.૨.૨૮ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

જી.વી. મિયાણી (GAS)
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ
રાજકોટ.

તુષાર ડી. સુમેરા (IAS)
અધ્યક્ષ
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ.

# રેલવે દ્વારા 'મેરા ટિકિટ મેરી શાન' અભિયાનનો પ્રારંભ

## રાજકોટ ડિવિઝનના ૩ સ્ટેશનો પર ૧૦ દિવસ સુધી ચાલશે જનજાગૃતિ કાર્યક્રમો

રાજકોટ: પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોમાં ટિકિટ લઈને મુસાફરી કરવાની આદતને પ્રોત્સાહિત કરવા તથા રાષ્ટ્ર નિર્માણમાં તેમની સહભાગિતા વધારવાના ઉદ્દેશ્યથી એક વિશેષ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. 'મેરા ટિકિટ મેરી શાન, વિકસિત ભારત કે લિયે મેરા યોગદાન' સૂત્ર સાથે આ અભિયાન આજે ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ થી પ્રારંભ થયું છે.

રાજકોટ, દ્વારકા અને જામનગર સ્ટેશન પર વિશેષ આયોજન

રાજકોટ ડિવિઝનના મંડળ રેલ પ્રબંધક (ઇંઈસ) શ્રી ગિરિરાજ કુમાર મીનાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકોટ ડિવિઝનના ત્રણ મુખ્ય રેલવે સ્ટેશનો— રાજકોટ, દ્વારકા અને જામનગર— પર આ અભિયાન ૧૦ દિવસ સુધી ચલાવવામાં આવશે. આ દરમિયાન મુસાફરોને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવાના મહત્વ વિશે જાગૃત કરવામાં આવશે.

વિવિધ કાર્યક્રમો દ્વારા જનજાગૃતિ

આ ૧૦-દિવસીય અભિયાન અંતર્ગત રેલવે તંત્ર દ્વારા અનેક જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં મુખ્યત્વે સમાવિષ્ટ છે:

૧) સેલ્ફી પોઈન્ટ: મુસાફરોને આ અભિયાન સાથે જોડવા અને તેમનામાં જાગૃતિ લાવવાના હેતુથી રાજકોટ, જામનગર અને દ્વારકા સ્ટેશનો પર વિશેષ સેલ્ફી પોઈન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યાં મુસાફરો ફોટો પાડીને અભિયાનનો સંદેશ શેર કરી શકશે.

૨) નુક્કડ નાટક: નાટકો દ્વારા મુસાફરોને મનોરંજનની સાથે-સાથે ટિકિટ લઈને મુસાફરી કરવાનો સંદેશ આપવામાં આવશે.

૩) સંવાદ: રેલવે અધિકારીઓ સીધા મુસાફરો અને યુવા પેઢી સાથે સંવાદ સાધીને તેમને આ અભિયાન સાથે જોડશે.

૪) ટિકિટ ચેકિંગ દરમિયાન સમજાવટ: ટિકિટ તપાસ દરમિયાન મુસાફરોને આ અભિયાનની જાણકારી આપવામાં આવશે અને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા માટે પ્રેરિત કરવામાં આવશે.

૫) વીડિયો સંદેશ: રેલવે સ્ટેશનો પર આ અભિયાન સંબંધિત જાગૃતિ વીડિયોનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે, જેથી મુસાફરોને યોગ્ય રેલ ટિકિટ લઈને મુસાફરી કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

૬) મીડિયા કેમ્પેઈન: પ્રેસ અને સોશિયલ મીડિયાના માધ્યમથી અભિયાનનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.

વધશે રેલવેની આવક, સુધરશે મુસાફરોની સુવિધાઓ

?મંડળ રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, જો મુસાફરો માન્ય ટિકિટ લઈને મુસાફરી કરશે તો રેલવેની આવકમાં વધારો થશે, જેનાથી મુસાફરોની સુવિધાઓના વિસ્તરણ અને રેલવેના આધુનિકીકરણમાં મદદ મળશે. ટિકિટ લેવી એ માત્ર કાયદાકીય જવાબદારી નથી, પરંતુ દેશના વિકાસમાં એક જવાબદાર નાગરિકનું યોગદાન પણ છે.

આ અવસર પર રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ (જીિ. ઇંઝ્સ) શ્રી સુનિલ કુમાર મીના સહિત સ્ટેશન મેનેજર, વાણિજ્ય નિરીક્ષક અને ટિકિટ ચેકિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. રેલવે તંત્રએ તમામ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ હંમેશા માન્ય ટિકિટ લઈને જ મુસાફરી કરે અને આ અભિયાનને સફળ બનાવવામાં પોતાનો સહયોગ આપે.

# દાઉદી વ્હોરા સમાજના બાબજી યંગ ગ્રુપ દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું જબરદસ્ત આયોજન



રાજકોટ: રાજકોટ દાઉદી બોહરા સમાજ ના બાબજી યંગ ગ્રુપ દ્વારા કાલાવડ રોડના ઈંફીનિતી ન્યૂ ગ્રાઉન્ડ ખાતે બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું.

ખેલાડીઓએ અપાર સમર્પણ અને સહાનુભૂતિ દર્શાવી, ગ્રાન્ડ ફિનાલે છેલ્લી ઓવર સુધી દરેકને તેમની સીટના કિનારે રાખીને, એક નખ-બિટર હતો. તે ધીરજ અને કૌશલ્યની લડાઈ હતી જે ખરેખર ક્રિકેટની ભાવનાને મૂર્તિમંત કરે છે,

આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૬ ફ્રેન્ચાઇઝી ટીમોએ ભાગ લીધો હતો,

જેમાં (એ ગ્રુપ) અલમદાર સીસી, એમ બી ટાઈગર્સ, બી.એફ.એસ જામનગર, ફૂગલી ૧૧ (બી ગ્રુપ) બાબજી કિંગ્સ, નાઈટ રાઈડરસ, એમડી ટાઈગર્સ, વ્હોરાવાડ કિંગસ (સી ગ્રુપ) બોક્સ રોકસ, લશ્કર ૧૧, હૈદરી લાયન્સ, કે.ટી લાયન્સ (ડી ગ્રુપ)

સુરત ગ્લાડીએટર, એ.એમ.એ. એફ.એચ.એચ ભાવનગર, નુરાની ટાઇટનસ, આલ્ફા ૧૧, આ ટૂર્નામેન્ટ ભાઈચારો, સ્પોર્ટ્સમેનશિપ અને આનંદભેર પરિપૂર્ણ રહ્યું, મેચ બપોરે થી સાંજ સુધી લીગ મેચો, બાદમાં ક્વાર્ટર ફાઈનલ અને સેમી ફાઇનલ અને રાત્રે ફાઇનલ સુધી ઉત્સાહપૂર્વક રમાઇ, જેમા સુરત જામનગર, ભાવનગર, રાજકોટ અલગ અલગ ગામ થી ટીમ અને ખેલાડીઓ જોડાયા હતા. જેમા ફાઇનલ મા ચેમ્પિયન બાબજી કિંગ્સ થયેલી અને રનર્સઅપ વ્હોરાવાડ કિંગ્સ નો થયો હતો, આયોજક ટીમ શબ્બીર તરવાડી, અબ્દુલકાદીર માકડા, તાહેર કાથાવાલા, હુસૈન માકડા, તાહેર ચિતલવાલા, અલીઅકબર પટેલ, આ ટૂર્નામેન્ટનું મુખ્ય ઉદ્દેશ પરમ પવિત્ર સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન ના ફરમાન પ્રમાણે દાઉદી બોહરા સમુદાય ના લોકો માં શારીરિક ફિટનેસ, એકતા અને રમતમાં રસ વધારવાનો હતો, બાબજી યંગ ગ્રુપ તમામ સહભાગીઓની તેમની અતૂટ ઉર્જા માટે અને પ્રેક્ષકોને તેમના અવિરત સમર્થન માટે ખૂબ ખૂબ આભાર માને છે, આવી નોંધપાત્ર ઘટનાનું આયોજન કરવું એ એક સન્માન હતું, અને સમિતિને આનંદ અને ઉત્સાહના દિવસ માટે સમુદાયને એકસાથે લાવવા બદલ ખૂબ જ ગર્વ છે, ગ્રાઉન્ડ પર જેમ જેમ સૂર્ય આથમતો ગયો તેમ, ટૂર્નામેન્ટ માત્ર યાદો જ નહી પણ ભવિષ્યની ઘટનાઓ માટે પ્રેરણા પણ છોડી ગઈ. તે દરેકમાં સંગઠિત, પ્રોત્સાહિત અને શ્રેષ્ઠ લાવવાની રમતની શક્તિને પ્રકાશિત કરે છે, તેમ શેખ યુસુફભાઈ જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)